# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૦૯/૦૪/૨૦૨૨

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ઉદ્યોગ–૨૦૨૨' પ્રદર્શન થકી સુરતના ૨૩ જેટલા સ્ટાર્ટ–અપ્સને ગો ટુ માર્કેટની વિશાળ તક પૂરી પાડવામાં આવી

## સુરતની જનતા સ્ટાર્ટ–અપ્સને સપોર્ટ કરશે તો સુરતનું હુનર દેશમાં જ નહીં પણ વિશ્વભરમાં ફેલાઇ શકશે : ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના સંયુકત ઉપક્રમે તા. ૮, ૯, ૧૦ અને ૧૧ એપ્રિલ, ૨૦૨૨ ના રોજ સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ચાર દિવસીય ‘ઉદ્યોગ– ૨૦૨૨’ પ્રદર્શન યોજાયું છે.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ખાસ કરીને સ્ટાર્ટ–અપ્સને પ્રોત્સાહન મળી શકે તે હેતુથી ચેમ્બર દ્વારા સુરતના ૨૩ જેટલા સ્ટાર્ટ–અપ્સને ‘ગો ટુ માર્કેટ’ની વિશાળ તક આપવા માટે સ્પેશિયલ સ્ટાર્ટ–અપ પેવેલિયન બનાવી તેમાં તેઓને સમાવવામાં આવ્યા છે. સુરતના આ સ્ટાર્ટ–અપ્સ દ્વારા જુદા–જુદા ક્ષેત્રે ઇનોવેશન કરવામાં આવ્યું છે અને ઉદ્યોગ એકઝીબીશનમાં તેઓની પ્રોડકટ પ્રદર્શિત કરવામાં આવી છે. સુરતની જનતા તેઓને સહકાર આપશે તો સુરતનું હુનર દેશભરમાં જ નહી પણ વિશ્વભરમાં ફેલાઇ શકશે.

ઉદ્યોગ પ્રદર્શનમાં સોલન્સ એનર્જી દ્વારા ટેક્ષટાઇલ, કેમિકલ અને ફાર્માસ્યુટીકલ ઇન્ડસ્ટ્રી માટે ઝીરો લીકવીડ ડિસ્ચાર્જ અને સ્ટીમ જનરેશન માટે મહત્વની પ્રોડકટ પ્રદર્શિત કરવામાં આવી છે. રોયલપોસ દ્વારા પોઇન્ટ ઓફ સેલ્સ માટે ઓનલાઇન પેમેન્ટનું સોફટવેર બનાવવામાં આવ્યું છે. આ સોફટવેર સ્ટોર્સ અને રેસ્ટોરેન્ટમાં ઉપયોગમાં આવે છે. સુરતનું આ સ્ટાર્ટ–અપ્સ ઓનલાઇન સપોર્ટથી ૨૧ જેટલા દેશોમાં ફેલાયેલું છે. એમએન સસ્ટેનેબલ એનર્જી પ્રા.લિ. દ્વારા જમીનની કવોલિટી માપવાનું યંત્ર બનાવવામાં આવ્યું છે. જે જમીનથી કયો પાક વધારે મળી શકે છે તેની માહિતી આપે છે.

આ ઉપરાંત ટ્રેઝીકસ દ્વારા ઇમ્પોર્ટ–એક્ષપોર્ટ સોફટવેર બનાવવામાં આવ્યું છે, જે ઉદ્યોગો માટે મહત્વનું પ્લેટફોર્મ પૂરુ પાડે છે. આ પ્લેટફોર્મ ડોકયુમેન્ટ એકયુરસી અને ગ્રાહકોને આપવામાં આવતા માલની માહિતી આપે છે. ટ્રેકગડ્ડી નામના સ્ટાર્ટ–અપ્સથી ગાડી કયાં જાય છે તેનો આખો રિપોર્ટ જનરેટ થાય છે. જે ખાસ કરીને બેકરી, ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ માટે ખૂબ જ ઉપયોગી છે. માતા–પિતા દ્વારા પોતાના બાળક પ્રત્યે સેવવામાં આવેલું સપનું પૂરું કરવા માટે ડ્રીમ ચાઇલ્ડ ગર્ભસંસ્કાર દ્વારા સ્ટાર્ટ–અપ્સ કરવામાં આવ્યું છે.

જેનમેડ શોપ્સ પ્રા.લિ. દ્વારા માર્કેટ પ્રાઇઝ કરતા ખૂબ જ ઓછી કિંમતે દવાઓ બનાવવામાં આવી છે. જે હાલમાં ૧૮ રાજ્યોમાં ૧૫૦ જેટલા સ્ટોર થકી લોકોને ૮૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે આપવામાં આવી રહી છે. શ્યામ ઇનોવેશન્સ દ્વારા ઉંદર અને ગરોળીને ઘર, ઓફિસ તથા ફેકટરીમાંથી ભગાડવા માટેની દવા બનાવવામાં આવી છે. મૈત્રી જરીવાલા દ્વારા ફુલોના કચરામાંથી કલર સહિતની વિવિધ ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવી છે. ફાર્મ હાઉસ હબ દ્વારા લોકોને એક – બે દિવસની રજા ગાળવા માટે સારામાં સારા ફાર્મહાઉસની માહિતી મોબાઇલ એપ થકી તુરંત મળી શકે અને આંગળીના ટેરવે બુકીંગ થઇ શકે તેવી સુવિધા આપતું પ્રોડકટ બનાવવામાં આવ્યું છે.

તદ્દુપરાંત ફૂડુનોમિકસ ઇન્ડિયા પ્રા. લિ. દ્વારા કલાઉડ કીચન થકી બડા બકસા, રોકેટ પોકેટ, ટેગયુટેલ્સ અને ટિફીન ટેબલ જેવી બ્રાન્ડનું એકથી વીસ જણા માટેનું ફૂડ ઓનલાઇન પૂરું પાડે છે. જેમાં સુપથી લઇને ડેઝર્ટ અને પ્લેટથી લઇને ટીશ્યુ પેપર સુધીની સામગ્રી આપે છે. ઘર–પરિવાર તથા નાની પાર્ટીથી લઇને ફાર્મ હાઉસની પાર્ટીઓમાં આ સુવિધાનો લાભ લઇ શકાય છે.